# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.પર તા.૧૮-૧૦-૨૦૨૪

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષયઃ- પરખ - રાષ્ટ્રીય સર્વેક્ષણ -૨૦૨૪(NAS National Achievement Survey - 2024) મોક ટેસ્ટ આયોજન બાબત.

સંદર્ભ :- જીસીઈઆરટી/ NAS-2024/૨૦૨૪/૨૩૭૯૬-૯૧૦, તા.૧૭-૧૦-૨૦૨૪

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, પરખ - રાષ્ટ્રીય સર્વેક્ષણ -૨૦૨૪(NAS) સંભવત તારીખ ૦૪ ડિસેમ્બર-૨૦૨૪ ના રોજ ધો.૩,૬ અને ૯ માં યોજવામાં આવનાર છે. આ સર્વેનો ઉદ્દેશ વિદ્યાર્થીઓની અધ્યયન ક્ષમતાઓ માધ્યમ દ્વારા વિદ્યાર્થીઓનો શૈક્ષણિક વિકાસ જાણી શિક્ષણના વિવિધ સ્તરે ઉપચારાત્મક કાર્ય હાથ ધરવાનો છે.

તારીખ ૦૪ ડિસેમ્બર-૨૦૨૪ ના રોજ NAS ના કસોટીપત્રનો મહાવરો મળી રહે તે હેતુસર GCERT ની વેબસાઈટ પર પ્રશ્નબેંક મુકવામાં આવેલ છે તેમજ BISAG ના પ્રસારણ માધ્યમથી વિવિધ પ્રશ્નોનો મહાવરો કરાવવામાં આવેલ છે.

આ સાથે સામેલ સંદર્ભિત પત્રમાં સમગ્ર આયોજન અને પ્રશ્નની સંખ્યાની માહિતી અને જરૂરી સૂચના માર્ગદર્શન મુજબ મોક ટેસ્ટનું આયોજન કરવા જણાવવામાં આવે છે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૧૮-૧૦-૨૦૨૪

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

નિયામક

પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

ક્રમાંક : જીસીઈઆરટી/ NAS- 2024/23796-910
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (૦૭૯) ૨૩૨૫૬૮૦૮
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : : www.gcert.gujarat.gov.in
તારીખ :
17 OCT 2024

પ્રતિ,
પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
શાસનાધિકારીશ્રી
તમામ, ગુજરાત રાજ્ય

**વિષય: પરખ – રાષ્ટ્રીય સર્વેક્ષણ - 2024 (NAS- National Achievement Survey) મોક ટેસ્ટ આયોજન બાબત.**

**શ્રીમાન,**

**પરખ – રાષ્ટ્રીય સર્વેક્ષણ 2024 (NAS- National Achievement Survey) 4 ડિસેમ્બર, 2024 ના રોજ ધોરણ 3,6 અને ધોરણ 9 માં પસંદ થનાર સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ, ખાનગી શાળા અને સેન્ટ્રલ શાળાઓમાં યોજવામાં આવનાર છે.**

આ સર્વેનો ઉદ્દેશ વિદ્યાર્થીઓની અધ્યયન ક્ષમતાઓના માધ્યમ દ્વારા વિદ્યાર્થીઓનો શૈક્ષણિક વિકાસ જાણી શિક્ષણના વિવિધ સ્તરે ઉપચારાત્મક કાર્ય (Remedial Teaching) હાથ ધરવાનો છે. આ સર્વેના માધ્યમથી જિલ્લા કક્ષા, રાજ્ય કક્ષા અને રાષ્ટ્ર કક્ષાના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના શૈક્ષણિક ફલિતાર્થ મળે છે. જેનો ઉપયોગ વિદ્યાર્થીઓની શૈક્ષણિક ગુણવત્તા સુધારણા માટેની નીતિ અથવા યોજના બનાવવા ખૂબ જ ઉપયોગી બને છે. જેથી તમામ સ્તરે શાળાઓને જરૂરી પ્રતિપોષણ આપી શકાય છે.

**4 ડિસેમ્બર, 2024**માં યોજાનાર NAS ના કસોટીપત્રોનો મહાવરો મળી રહે તે હેતુસર અત્રેની કચેરી દ્વારા GCERT ની વેબસાઈટ પર પ્રશ્નબેંક મુકવામાં આવેલ છે તેમજ BISAGના પ્રસારણ માધ્યમથી વિવિધ પ્રશ્નોનો મહાવરો કરાવવામાં આવેલ છે. ઉપરાંત વધુ તૈયારી થઇ શકે તે માટે મોક ટેસ્ટનું આયોજન કરેલ છે. જેનું નીચે મુજબ આયોજન કરવામાં આવેલ છે. વિષય અને ધોરણ મુજબ નીચે પ્રમાણે પ્રશ્નોની સંખ્યા રાખવામાં આવેલ છે.

| | ધોરણ 3<br>તારીખ | ધોરણ 6<br>તારીખ | ધોરણ 9<br>તારીખ |
|---|---|---|---|
| **મોક ટેસ્ટ 1** | 22/10/2024 | 25/10/2024 | 24/10/2024 |
| **મોક ટેસ્ટ 2** | 22/11/2024 | 22/11/2024 | 22/11/2024 |
| **મોક ટેસ્ટ 3** | 30/11/2024 | 30/11/2024 | 30/11/2024 |
| | **પ્રશ્નોની સંખ્યા** | | |
| | કુલ પ્રશ્નોની સંખ્યા : 45<br>ગુજરાતી – 15<br>ગણિત – 15<br>પર્યાવરણ – 15 | કુલ પ્રશ્નોની સંખ્યા : 60<br>ગુજરાતી – 20<br>ગણિત – 20<br>પર્યાવરણ – 20 | કુલ પ્રશ્નોની સંખ્યા : 60<br>ગુજરાતી – 15<br>ગણિત – 15<br>વિજ્ઞાન – 15<br>સામાજિક વિજ્ઞાન – 15 |
| અંદાજીત સમય | 90 મિનિટ | 120 મિનિટ | 120 મિનિટ |

અહી દર્શાવેલ સમય અને તારીખ મોક ટેસ્ટ માટે નમૂનારૂપ છે. અનિવાર્ય કારણોસર શાળા કસોટી સમય અને તારીખમાં ફેરફાર કરી શકશે. જો કોઈ વિદ્યાર્થી કસોટી માટે વધુ સમય લે તો તે આપી શકાશે. મોક ટેસ્ટનો ઉદ્દેશ વિદ્યાર્થી આ પ્રકારના પ્રશ્નોથી પરિચિત થાય તે છે. OMR અહી નમૂનારૂપ આપવામાં આવેલ છે. જે અંગે વિદ્યાર્થીઓને સમજ આપવાની રહેશે. આ કસોટી લખવા માટે અન્ય વ્યવસ્થા ન થાય તો એકમ કસોટીની નોટબુકમાં જવાબો લખાવવા. કસોટી પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓના કસોટીપત્રો જે તે વિષય શિક્ષક ચકાશે અને વિદ્યાર્થીઓ દ્વારા જે ભૂલો થયેલ હોય તેનું નિદાન કરવું તેમજ વિદ્યાર્થીઓને આ પ્રકારના અન્ય પ્રશ્નોનો પણ મહાવરો કરાવવો. **પરખ – રાષ્ટ્રીય સર્વેક્ષણ 2024 (NAS- National Achievement Survey) 4 ડિસેમ્બર, 2024ના દિવસે યોજાનાર કસોટીમાં પ્રશ્નોની સંખ્યા અને કસોટીના સમયમાં ફેરફાર હોઈ શકે.**

ઉપરોક્ત તારીખે અને સમયે, વિદ્યા સમીક્ષા કેન્દ્ર મારફતે જે રીતે એકમ કસોટીના પ્રશ્નપત્રો મોકલી આપવામાં આવે છે તે રીતે મોક ટેસ્ટ પણ મોકલી આપવામાં આવશે. સાથે મળીને સહુ વિદ્યાર્થીઓને વધુમાં વધુ મહાવરો કરાવીએ.

આભાર સહ ...

(પી.કે.ત્રિવેદી)

સ્ટેટ લેવલ કો.ઓ.PARAKH,2024

નિયામક

જીસીઈઆરટી,ગાંધીનગર

નકલ રવાના :

- માન. અગ્ર સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક), શિક્ષણ વિભાગ, ગાંધીનગર
- માન. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા, ગાંધીનગર
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર
- પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર
- સચિવશ્રી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- કન્વીનરશ્રી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર